

પ્રિ-મોન્સુન એક્ટીવીટી - કાળઝાળ ગરમી બાદ હવે પ્રિ-મોન્સુન એક્ટીવીટી આરંભાયાનો અહેસાસ થાય છે... બુધવારની મોડી સાંજે વ્યાપક પ્રમાણમાં વાદળો ધસી આવ્યા હતા... કાળા ભમ્મર વાદળોથી ઘડીભર તો વરસાદનો અણસાર અનુભવાતો હતો... આગાહી મુજબ બે-ત્રણ દિવસમાં એકાદ ઝાપટું પડી શકે છે... પરંતુ આ નિયમિત ચોમાસુ ન ગણાય... પ્રિ-મોન્સુનના છુટાછવાયા બે-ત્રણ ઝાપટા બાદ જુનના ત્રીજા સપ્તાહમાં વિધિવત રીતે ચોમાસુ આરંભાશે એમ હવામાન વિભાગનું માનવું છે...

# આદિવાડામાં ફરીવાર દુર્ગંધયુકત પાણીથી ગ્રામજનોમાં રોષ ભભુક્યો

## બે દિવસમાં ગંદા પાણીની સમસ્યાનો હલ નહી આવે તો મનપા અને પાટનગર યોજના વિભાગનો ઘેરાવ કરાશે : ગ્રામજનો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સમાવિષ્ટ આદિવાડા ગામમાં છેલ્લા ૨૦ દિવસથી દુર્ગંધ યુકત પાણી આવી રહ્યું છે. મનપાના તંત્રને જાણ થતા મેયર, ડે. મેયર, કોર્પોરેટરો સહિત ઉચ્ચ અધિકારીઓ દોડી ગયા હતા. આ વિસ્તારમાં પાણીજન્ય રોગચાળો વકરે નહી તે માટે તંત્ર દ્વારા તાત્કાલીક નિરાકરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગટરની સફાઈ તેમજ પાણીની લાઈનનું લીકેજ પણ દુર કર્યું હતું. તેમ છતા બે દિવસથી ગંદુ પાણી આવતા ગ્રામજનો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. આગામી બે દિવસમાં ગંદા પાણીના પ્રશ્નનો નિવેડો નહી આવે તો પાટનગર યોજના વિભાગ અને મનપા તંત્રનો ઘેરાવ ગ્રામજનો દ્વારા કરાશે.

ઉનાળામાં કાળઝાળ ગરમી પડી રહી છે. શહેર અગનભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે ત્યારે ગાંધીનગના આદિવાડા ગામના ગ્રામજનોમાં પાણી માટે પોંકાર ઉઠવા પામ્યા છે. આ અંગે પૂર્વ કોર્પોરેટર હર્ષજીત પંડયાએ જણાવ્યું હતું કે આદિવાડા ગામ જયારથી નિર્માણ પામ્યું છે. ત્યારથી આજ સુધી ગામને કોઈ પણ પ્રકારની સુવિધા સરકાર દ્વારા આપવામાં આવી નથી. જે તે સમયે મારા સમયકાળ દરમિયાન અનેક રજુઆતો કરી છે છતા ગામમાં ગટર કે પાણીના કાર્યો થયા નથી. છેલ્લા ૨૦ દિવસથી આદિવાડા ગામની અંદર ગટરના પાણી કરતા પણ ગંદુ પીવાનું પાણી આવી રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં પાણીજન્ય રોગચાળો માથુ ઉંચકી રહ્યો છે. ત્યારે સરકારી તંત્ર દ્વારા ગામમાં આટલું ગંદુ પાણી આવતું હોવા છતા અધિકારીઓનું પેટનું પાણી હાલતું નથી જાણે ગંભીર રોગચાળો ફાટી નીકળે તેની રાહ જોઈને તંત્ર બેઠુ હોય તેવું ગ્રામજનોને લાગી રહ્યું છે.



ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ગંદા પાણીને લઈ મેયર, ડે. મેયર, કોર્પોરેટર સહિત તંત્રના અધિકારીઓએ ગામમાં ધામા નાંખ્યા હતા અને ગટર તેમજ પાણીની સમસ્યાનું નિરાકરણ કરાયું હતું. ત્યારે માત્ર ગણતરીના દિવસોમાં જ ફરીવાર ગંદા પાણીની સમસ્યા વકરતા ગ્રામજનોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ૨૦ દિવસથી ગંદા પાણીનો સામનો કરી રહેલા ગ્રામજનોનું કહેવું છે કે આગામી બે દિવસમાં આ પ્રશ્ન હલ નહી થાય તો મનપા તંત્ર અને પાટનગર યોજના વિભાગનો ઘેરાવ કરવામાં આવશે.

## ખૂણે ખાંચરેથી...

- આઈપીએલના અંતિમ રાઉન્ડની મેચોને લઈ મોડી સાંજે નગરના માર્ગો સુમસામ બની ગયા છે.
- સ્વાગત ઓનલાઈનમાં આજે જિલ્લાના નવ પ્રશ્નો રજુ થનાર છે.
- સરકારી કાર્યક્રમોની હારમાળાને લઈ જિલ્લાતંત્ર પ્રોટોકલ ડ્યુટીમાં વધુ વ્યસ્ત બન્યુ છે.
- આજે મહાત્મા મંદિરમાં શિક્ષણ વિભાગની કાર્યશિબિરમાં ભોજન વ્યવસ્થામાં અવ્યવસ્થાઓ ઉભી થવા પામી હતી.
- ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળે જૂન-૨૦૧૬ થી મે-૨૦૧૭ની શૈક્ષણિક ડાયરી જારી કરી છે.
- રાજય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષણના ત્રણ મુખ્ય ક્ષેત્રો પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલી વિવિધ ૨૭ પરીક્ષાઓનું આયોજન અને સંચાલન થાય છે.

# જિલ્લામાં ૨૧ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યુ

## જિલ્લામાં પુરુ સો ટકા અને ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૨૧ : ગત વર્ષ કરતા ૨૦ શાળાઓના પરિણામમાં સુધાર

ગાંધીનગર તા ૨૫

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ધોરણ ૧૦ ના પરિણામના અંતે જિલ્લાની ૨૧ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યુ છે. ગત વર્ષ દરમિયાન ૨૦ શાળાઓનુ પરિણામ ૧૦૦ ટકા આવ્યુ હતુ. જયારે ૩૦ ટકાથી નીચેના પરિણામ ધરાવતી શાળાઓમાં ૨૦નો તફાવત જોવા મળ્યો છે.અલબત્ત ૨૧ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી ઓછુ આવ્યુ છે. ગત વર્ષ દરમિયાન જિલ્લાની ૪૧ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી ઓછુ આવ્યુ આવતા શિક્ષણતંત્રમાં ચિંતાના વાદળો ઘેરાયા હતા.

ધોરણ ૧૦ માં બોર્ડનુ પરિણામ જાહેર થયા બાદ જિલ્લાનુ પરિણામ નબળુ આવ્યુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જિલ્લાનુ પરિણામ માત્ર ૫૬ ટકા જ આવતા ગત વર્ષની સાપેક્ષમાં પરિણામની ટકાવારી ૫ ટકા ઓછી થઈ છે. જયારે જિલ્લામાં એ વન ગ્રેડમાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. જો કે જિલ્લાની શાળાઓના પરિણામની ટકાવારીમાં નોંધપાત્ર ફેરફાર થયો છે.

નબળુ પરિણામ ધરાવતી શાળાઓના પરિણામમાં સુધાર આવ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ધોરણ ૧૦ માં જિલ્લાની ૨૧ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યુ છે. જયારે ગત વર્ષે ૨૦ શાળાઓનો સમાવેશ થયો હતો. જયારે માર્ચ ૨૦૧૫માં ૪૧ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચે આવ્યુ હતુ. જયારે માર્ચ ૨૦૧૬માં ૨૧ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચે હોવાનુ સ્પષ્ટ થયુ છે. ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે. જયારે જીરો ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ગત વર્ષની જેમ એકની જ છે. સમગ્ર રાજયમાં રાજકોટની સૌથી વધુ ૪૭ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યુછે. જયારે ખેડાની ૮૫ શાળાઓનુ પરિમામ ૩૦ ટકાથી નીચુ આવ્યુ છે. આમ જિલ્લામાં પરિણામની ટકાવારી ઘટી છે. પરંતુ ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી શાળાઓમાં પરિણામની ટકાવારીમાં સુધાર આવ્યો છે.

# સે-૬માં રીંગ રોડ પર સ્ટ્રીટ લાઈટ ડુલ રહેતા રાત્રિના અંધારપટ્ટ છવાયો

## સેકટરમાં સ્ટ્રીટ લાઇટો ડુલ રહેવાની ફરિયાદોના અંતે પણ નિરાકરણ આવતુ નથી

ગાંધીનગર તા ૨૫

શહેરના સે-૬ માં સ્ટ્રીટ લાઈટો ડુલ છે.સેકટરમાં ચંદ્રમોલેશ્વર મંદિર તરફ જતા માર્ગ પર તમામ લાઈટો ડુલ રહેતા રાત્રિના સમયે અંધારપટ્ટ છવાઈ જાય છે. જેના લીધે સ્થાનિક રહીશોને હેરાનગતિ વેઠવાનો વારો આવ્યો છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ થવાની સમસ્યા છાશવારે ઉદભવે છે. જયારે આવા કિસ્સામાં રહીશોની ફરિયાદોનુ પણ ત્વરિત નિકાલ ન આવતા સ્થાનિક રહીશોનો આક્રોશ પ્રબળ બને છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કોર્મશિયલ જાહેરાતનુ માધ્યમ બની ગયા હોવાનો આક્રોશ પણ રહીશોમાં ઉઠવા પામ્યા છે. ત્યારે કટાયેલા થાંભલા રાત્રિના સમયે અંધકાર ઉલેચવાનુ કામ પણ ન કરતા હોવાથી સ્થાનિક રહીશો આગ બબુલા બને છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ હાથ ધરવામાં પણ ઉદાસીનતા સેવાઈ રહી છે. થોડા સમય અગાઉ કેટલાક સેકટરોમાં રીંગ રોડ પરના અમુક પોલ્સને રંગરોગાન કરવામાં આવ્યા હતા. પરંતુ બાકીની કામગીરી આગામી ચોમાસાના અંતે કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે સ્ટ્રીટ લાઈટના થાંભલા પર જાહેરાતના સ્ટીકર તેમજ પેમ્ફલેટ ચિપકાવાનુ દુષણ હજુ પણ યથાવત છે. ત્યારે સે -૬ માં સ્ટ્રીટ લાઈટના થાંભલા છેલ્લા પાંચ દિવસથી બંધ હોવાથી રાત્રિના સમયે અંધારપટ્ટ છવાઈ જાય છે. જેના લીધે સ્થાનિક રહીશોને હાલાકી વેઠવી પડે છે.

## ઉજાલા યોજના આજથી વડોદરા ખાતે આરંભાશે

અમદાવાદ, તા.૨૫

રાજયના ગ્રાહકોને ઉચ્ચ ગુણવત્તાવાળા એલઈડી બલ્બ અત્યંત રાહત દરે ઉપલબ્ધ થાય તે હેતુથી રાજય સરકારે ઉજાલા ગુજરાત યોજના રાજયમાં શરૂ કરવાનો નિર્ધાર કર્યો છે. જેનો શુભારંભ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલ તા. ૨૬મી મે-૨૦૧૬ના રોજ વડોદરાથી સવારે ૮-૩૦ કલાકે કરાવશે.

સમગ્ર રાજયમાં એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવનાર છે. જે અંતર્ગત રાજયના ૧.૨૧ કરોડ વીજ ગ્રાહકોના લગભગ ૧૨ કરોડ એલઈડી બલ્બ વિતરણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.


## બેસણું



મારા ધર્મપત્ની **રેખાબેન રાજેશભાઈ જોષી**નું તા. ૨૧/૫/૨૦૧૬ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૨૯/૫/૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાક** દરમિયાન નીચેના સ્થાને રાખેલ છે.

**સ્થળ : બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર**


લી.

**ભાવેશ કે. જોષી**
**હાર્દિક આર. જોષી**
**પ્રવણ આર. જોષી**

**રાજેશ કૃષ્ણવદન જોષી**
**(નાયબ સેક્શન અધિકારી, મહેસુલ વિભાગ)**

**પ્લોટ નં. ૭૧૩/૧, સેક્ટર-૪/સી, ગાંધીનગર. મો. : ૯૮૭૯૨૩૫૨૬૭**

## બેસણું



અમારા માતુશ્રી તથા રતિલાલ બોરીસાગરના ભાભી **વિમળાબેન**નું તા. ૨૧/૫/૨૦૧૬, શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૬/૫/૨૦૧૬, ગુરૂવારના રોજ સાંજના ૫-૩૦ થી ૭-૩૦ દરમિયાન** નીચેના સરનામે રાખેલ છે.

**મહેન્દ્રકુમાર મનસુખલાલ બોરીસાગર**
૧૬૫/૪, જ-૨ ટાઈપ, સેક્ટર-૭, ચૌધરી સ્કૂલની બાજુમાં, ગાંધીનગર

લિ.
**રજનીભાઈ, હર્ષદભાઈ, ભરતભાઈ,**
**મહેન્દ્રભાઈ, રાજેન્દ્રભાઈ**
**તથા બોરીસાગર પરિવાર**
**મો. : ૯૯૨૫૮ ૩૩૧૮૮**


# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારની ગુજરાતને એક વધુ ભેટ

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરેન્દ્રનગર-રાજકોટ રેલ્વે લાઈનના ડબલ ટ્રેક અંગે આપેલી મંજૂરી માટે હ્રદયપૂર્વકનો આભાર વ્યકત કર્યો છે.

પ્રધાનમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી આર્થિક બાબતોની કેબિનેટ કમિટિએ અંદાજીત ૧૦૦૨ કરોડના ખર્ચે ૧૧૬.૧૭ કિ.મી. લંબાઈના સુરેન્દ્રનગર-રાજકોટ રેલ્વે માર્ગના ડબલ ટ્રેક કામને આજે પરવાનગી આપી છે. સુરેન્દ્રનગર-રાજકોટ વચ્ચેની રેલ્વે લાઈનના ડબલ ટ્રેકનું આ કામ ચાર વર્ષમાં પૂર્ણ થશે.

મુખ્યમંત્રીશ્રીએ આ કામગીરીની મંજૂરી માટે વડાપ્રધાનશ્રીનો ગુજરાતની સાડા ૬ કરોડની જનશકિત વતી આભાર વ્યકત કર્યો છે.

આના પરિણામે સૌરાષ્ટ્ર-રાજકોટને ગુજરાત-અમદાવાદ સાથે જોડતા હાલના રેલ યાતાયાતમાં વધુ સુવિધા અને ઝડપ આવશે તેમ મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકારનો આભાર પ્રગટ કરતાં જણાવ્યું છે.


(શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત)

**શ્રી જે.એમ.ચૌધરી સ્કૂલ ઓફ સાયન્સ**

(નોન ગ્રાન્ટેડ) (ગુજરાતી માધ્યમ)

જૂન ૨૦૧૬ થી શરૂ થતી આધુનિક સગવડો ધરાવતી A.C સ્કૂલમાં ધો.૧૧ વિ.પ્ર.માં પ્રવેશ માટે મળો.

: ઉપલબ્ધ સુવિધાઓ :

- કેમ્પસનું નૈસર્ગિક વાતાવરણ, હોસ્ટેલ સુવિધા
- શિક્ષણ અનુરૂપ એ.સી. વર્ગખંડો
- શ્રેષ્ઠ શિક્ષકોની ટીમ, વિદ્યાર્થીઓની વ્યક્તિગત દેખરેખ
- દરેક વિષયને ન્યાય મળી રહે તે હેતુથી અઠવાડીક પરીક્ષાનું આયોજન
- અધતન સાધનો, નમુના, ચાર્ટથી સુસજ્જ દરેક વિષયની પ્રયોગશાળા
- JEE / NEET / GUJCET નું યોગ્ય માર્ગદર્શન
- વાલીઓને પોષાય તેવી ફીનું ધોરણ
- વર્ગખંડની પ્રવૃતિઓનું CCTV કેમેરા દ્વારા સતત મોનીટરીગ
- ટ્યુશન મુક્ત શિક્ષણનું આયેજન

શાળા સમય : સવારે ૮:૦૦ થી બપારે ૩:૩૦ સુધી

: Science Faculties :



| Hiren Panchal | Ankit Dalsaniya | Dipakbhai Patel | Sureshbhai Patel |
|---|---|---|---|
| M.Sc.B.Ed | M.Sc.B.Ed | M.Sc.B.Ed | M.Sc.B.Ed |
| (Physics) | (Chemistry) | (Maths) | (Biology) |

માતૃશ્રી જોઇતીબા શૈક્ષણિક કેમ્પસ, એસ.ટી. ડેપો સામે, સેક્ટર-૭, ગાંધીનગર. ફોન નં.(૦૭૯) ૨૩૨૪૪૫૪૦, (મો) ૯૮૨૪૭૭૨૧૭૧, ૯૪૨૭૦૭૦૨૦૦

orabella EVENTS

info city Club & Resort

**પાટનગરની સૌથી મોટી ગ્રાન્ડ હાઉસી**

**૨૮મી મે, ૨૦૧૬ના રોજ સાંજે ૬.૩૦ કલાકે**

**ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર ખાતે**

**એન્ટ્રી સાંજે ૫.૩૦ થી શરૂ**

**ગાંધીનગર સમાચાર ના સભ્યો તથા કલ્ચરલ ફોરમના સભ્યોએ ગ્રાન્ડ હાઉસીના એન્ટ્રી ટિકિટ માટે નીચેના સ્થળે સંપર્ક કરવો.**

**ગાંધીનગર સમાચાર ઓફીસ**

**ફોન : ૦૭૯ ૨૩૨૨૨૫૭૧ / ૨૩૨૩૭૫૭૧**

**મો :૯૮૨૫૦ ૩૬૦૪૯**

* T&C apply

SUPPORTED BY

Maahi · RASNA · WAGH BAKRI TEA LOUNGE · EMKAY · 7 ONE ALL DAY DINER · BENCHMARK WATER HEATERS · Mycro Fine FLOUR MILL · Hoglatto · Sudarshan · Brandd · info city · Crayons · Zeliss · Desi Food · Sam's PIZZA · EUREKA FORBES Your friend for life

**અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા**





₹50*/1 L

અમૂલ ડાયમંડ

500mL: ₹ 25*

*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 7359129222 / 7203032252